તલાટી ભરતી કૌભાંડમાં ભાજપ બાદ યુથ કોંગ્રેસના યુવાનેતા વિરાજ દેસાઈનું નામ ખુલ્યુ

યુથ કોંગ્રેસના યુવા નેતાના ઘરેથી પોલીસને સર્ચ દરમિયાન ૧ પ્રવેશપત્રની નકલ પણ મળી આવી છે : પોલીસે વિરાજ દેસાઈની શોધખોળ હાથ ધરી

ગાંધીનગર, તા. ૨૨

સમગ્ર ગુજરાતમાં ભારે ચકચાર મચાવનાર તલાટી ભરતી કૌભાંડમાં ઝડપાયેલા ઠગ ચંપાવતની ગાંધીનગર એલ.સી.બી. પોલીસે સઘન પુછપરછ કરતા એક પછી એક એજન્ટોના નામ બહાર આવતા પોલીસ આ પ્રકરણમાં એક અધિકારી અને ડૉક્ટર સહિત ત્રણની ધરપકડ કરી પુછપરછ હાથ ધરી હતી. જેમાં આજે ભાજપ બાદ અમદાવાદ યુથ કોંગ્રેસના સક્રીય કાર્યકર અને નેતા વિરાજ દેસાઈનું પણ નામ બહાર આવ્યું છે. વિરાજ દેસાઈએ તલાટીના સેટીંગ માટે કુલ ૮ ઉમેદવારો મોકલ્યા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. જેથી ગાંધીનગર એલ.સી.બી. પોલીસે તે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તલાટી ભરતી કૌભાંડમાં ગાંધીનગર એલ.સી.બી. પોલીસે છ દિવસ સુધી એલ.સી.બી. કચેરીમાં મુખ્ય સૂત્રધાર ચંપાવતના રીમાન્ડ મેળવી ઉંડી તપાસ હાથ ધરી હતી. જેમાં સચિવાલયના શિક્ષણ વિભાગના નાયબ સેકશન અધિકારી રિતેશ નાયકનું નામ બહાર આવતા તેની ધરપકડ કરી રીમાન્ડ મેળવ્યા હતા અને પુછપરછ કરી હતી. બાદમાં આજ પ્રકરણમાં અન્ય બે એજન્ટો અનિલ મેવાડા અને આયુર્વેદિક ડૉક્ટર નૈમેષ જયસ્વાલના નામ બહાર આવ્યા હતા. પોલીસ ગત રોજ નૈમેષ જયસ્વાલની ધરપકડ કરી હતી અને તેની પુછપરછ કરતા આજે વધુ એક એજન્ટનું નામ ખુલ્યુ હતુ.

તલાટી ભરતી કૌભાંડમાં એક પછી એક ચોંકાવનારી હકિકતો બહાર આવી રહી છે. જેમાં ભાજપ બાદ હવે અમદાવાદ યુથ કોંગ્રેસના સક્રીય કાર્યકર અને નેતા વિરાજ દેસાઈનું પણ નામ બહાર આવતા પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી હતી અને તેના ઘરે તપાસ કરતા એક ઉમેદવારના પ્રવેશપત્રની નકલ મળી આવી છે. અને તેને ૮ ઉમેદવારોના નાણા ઉઘરાવી ચંપાવતને સેટીંગ માટે આપ્યા હોવાની પણ માહિતી મળી હતી. આથી ગાંધીનગર એલ.સી.બી. પોલીસે અમદાવાદ યુથ કોંગ્રેસના નેતા વિરાજ દેસાઈની શોધખોળ હાથ ધરી છે.

ખેડૂતોના પ્રશ્નોમાં જે પાર્ટી રસ લેશે તે પાર્ટી ગુજરાતની ગાદી પર બેસશે : કિસાન મંડળ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતના ખેડૂતોના પડતર પ્રશ્નોને લઈને ગાંધીનગર જિલ્લાના ખેડૂતો દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ઉપવાસ કરવામાં આવ્યા છે. ખેડૂતોની દુઃખમાં સહભાગી થવા વિધાનસભા વિપક્ષના નેતા સહિત આગેવાનોએ મુલાકાત લીધી હતી. ખેડૂતોના પ્રશ્નોને વિધાનસભા ગૃહમાં લઈ જવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

રાજયના કિસાનોના પ્રશ્નોને વાચા આપવા ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળ, રાજધાની અસરગ્રસ્ત કિસાન મંડળ અને ગાંધીનગર અસરગ્રસ્ત ખેડૂત મંડળ દ્વારા શહેરના સેક્ટર-૬ ખાતેથી સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ઉપવાસ કરવામાં આવી રહ્યો છે. ઉપવાસ તા. ૨૧ થી ૨૫ ફેબ્રુઆરી સુધી કરવામાં આવનાર છે.

આજરોજ કિસાનોના દુઃખમાં સહભાગી થવા ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, માણસાના ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, બનાસકાંઠા-ધાનેરાના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ અને જિલ્લાના આમ આદમી પાર્ટીના આગેવાનોએ મુલાકાત લીધી હતી. રાજકીય આગેવાનોએ ખેડૂતોના પ્રશ્નોને સાંભળ્યા હતા અને ખેડૂતોના પ્રશ્નોને દબાવવામાં નહિ આવે ચાલુ સત્રમાં રજુઆત કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

ખેડૂતોની હિતેચ્છુ સંસ્થાઓએ જણાવ્યું હતું કે તા. ૨૫ ફેબ્રુઆરી સુધી ખેડૂતોની માગણીને સંતોષવામાં નહિ આવે તો રાજયના ખેડૂતોને ગાંધી ચીંધ્યા માર્ગે જવાની ફરજ પડશે. તેમજ એમ પણ જણાવ્યું હતું કે જે પાર્ટી ખેડૂતોને સાથ આપશે તેજ પાર્ટી ગુજરાતની ગાદી પર રાજ કરશે અને તેની અસર આગામી લોકસભાની ચૂંટણીમાં જોવા મળશે.

જેસીઆઈ ગવર્નિંગ બોર્ડ મિટીંગ આજે ગાંધીનગરના આંગણે સિટીંગ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં ખૂબ જ ટુંકા ગાળામાં સામાજિક અને યુવાનોના ટ્રેનીંગ માટે ધમધમતી થયેલી જેસીઆઈના કાર્યને બિરદાવવા ઈન્ડિયાના એક્ઝ્યુકેટીવ વાઈસ પ્રેસિડેન્ટ જેસી કેશવ જૈન પધારી રહ્યા છે જે એક વિરલ ઘટના છે.

આજના દિવસે જ દ્વિતિય ગવર્નિંગ બોર્ડ મીટીંગનું આયોજન ગાંધીનગરનાં આંગણે યોજાયું છે. જેમાં પ્રત્યેક ઝોનના અધિકારીઓ ઉપસ્થિત રહેશે જેમાં ઝોન પ્રેસિડેન્ટ જેસી અશ્વિન ચંદારાણા ખાસ પધારીને સમગ્ર મીટીંગને સંબોધશે. ગાંધીનગર જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રિવેદીએ આ મોટી મીટીંગની સિટીંગ આપણા શહેરમાં યોજવા ખાસ્સી તૈયારી કરી છે. ગાંધીનગર જેસીઆઈના સર્વેને આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમને સુપેરે પાર પાડવા આમંત્રણ મંત્રી કે.ડી. ભાવસારે આપ્યું છે.

સૌરભ સર્વ જ્ઞાતિ જીવનસાથી પસંદગી પ્રત્રિકાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૨

યોગ્ય જીવનસાથી પસંદગીમાં નાત-જાત ઊંચ-નીચ વર્ગ-વાડાને કારણે તકલીફ પડે છે. દરેક જ્ઞાતિના યુવક-યુવતીઓને યોગ્ય જીવનસાથી મેળવવા માટે તેમની ઉંમર-અનુભવ-પસંદગીની સમકક્ષતા ધ્યાનમાં લઈ એકબીજાને સંપર્ક કરી શકે તે હેતુથી પસંદગી પત્રિકાનો શુભારંભ થનાર છે. રજીસ્ટ્રેશન મફત છે. જે અંગેની માહિતી મહેન્દ્રભાઈ ચૌહાણ મો. ૯૪૨૭૦૫૬૮૪૫ દ્વારા મળી શકશે.

શહેર કોંગ્રેસના કાર્યકરોની લીડરશીપ તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો, કાર્યકરોને જવાહર નહેરુ લીડરશીપ ઈન્સ્ટીટ્યુટ દ્વારા સેક્ટર-૭ કોમ્યુનીટી હોલ ખાતે ટ્રેનીંગ કેમ્પ યોજવામાં આવ્યો હતો. શહેર કોંગ્રેસના વિવિધ સેલના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શહેર કોંગ્રેસ દ્વારા શહેર કોંગ્રેસ સમિતિનો નાનામા નાનો કાર્યકર કોંગ્રેસના કાર્યોની જાણકારી મેળવી તે જાણકારી છેવાડાના ગામડા સુધી પહોંચાડે તેમજ ચૂંટણીઓમાં કેવી રીતે કામગીરી કરવી તે અંગેની લીડરશીપ ટ્રેનીંગ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા સે. ૭ કોમ્યુનીટી હોલ ખાતે યોજવામાં આવી હતી.

ટ્રેનીંગ શિબિરમાં પ્રદેશ કંગ્રેસ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયા, સી.જે. ચાવડા, ટ્રેનીંગ ઓર્ગેનાઈઝર જયદિપસિંહ અને પ્રણવ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે જણાવ્યુ હતુ કે કોંગ્રેસની સિદ્ધિઓને લોકો સમક્ષ મુકવી જોઈએ અને પોતાનું સંગઠન મજબુત કરવુ જોઈએ. કોઈપણ કાર્યકરને માઠુ ન લાગે અને હળી મળીને કામ કરવુ જોઈએ.

ટ્રેનીંગ કેમ્પમાં શહેર પ્રમુખ મુકેશ પટેલ, ચિમનભાઈ વિંઝુડા, ભાવનાબા વાઘેલા, પિન્કીબેન પટેલ, જીતુ રાયકા, હર્ષજીત પંડ્યા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

એલપીજી વિતરકોની ૨૫ ફેબ્રુઆરીથી હડતાળ શરૂ

ગુજરાતભરના ૬૦૦થી વધુ એલપીજી ગેસ વિતરકો પણ અચોક્કસ મુદ્દતની હડતાળમાં સામેલ થવા સુસજ્જ થયા

અમદાવાદ, તા. ૨૨

દેશભરમાં એલપીજી ડિસ્ટીબ્યુટરો ૨૫મી ફેબ્રુઆરીથી અચોક્કસ મુદ્દતની હડતાળ ઉપર ઉતરવાની તૈયારી કરી રહ્યા છે જેથી સામાન્ય લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં સિલિન્ડર નહીં મળવાની પરિસ્થિતિ સર્જાઈ શકે છે. એલપીજી વિતરકો પોતાની જુદી જુદી માંગણીઓને લઈને આક્રમક બનેલા છે.

ગુજરાતના ૬૦૦થી વિતરકો પણ અચોક્કસ મુદ્દતની હડતાળ સામેલ થનાર છે. હડતાળના પરિણામ સ્વરુપે રાંધણ ગેસની વાણિજ્ય અને નિવાસી સપ્લાયની બાબત ઉપર બ્રેક મુકાશે જેના કારણે ગૃહિણીઓને વધારે તકલીફનો સામનો કરવો પડી શકેછે. ગેસ વિતરકોએ પોતાના પડતર પ્રશ્નો મુદ્દે ઓઈલ કંપનીઓ સામે હડતાળની જાહેરાત કરીને તેમની સમસ્યા તરફ ધ્યાન આપવા માટે સૂચના આપીછે.વિતરકોની ફરિયાદ છે કે, તેમની લાંબા સમયથી માંગણી હોવા છતાં તેમની માંગણી તરફ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. ઓઈલ કંપનીઓ તેમની સાથે અન્યાય કરી રહ્યું છે. પડતર પ્રશ્નોને લઈને વિતરકો અને પેટ્રોલિયમ મંત્રાલયના અધિકારીઓ વચ્ચે જાન્યુઆરી મહિનામાં અતિ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જો કે, આ બેઠકમાં કોઈ સહમતી સધાઈ ન હતી. સરકારે કેટલીક ખાતરી આપી હોવા છતાં તેના તરફ ધ્યાન આપવામાં આવ્યું ન હતું. હવે વિતરકો અચોક્કસ મુદ્દતની હડતાળ ઉપર જઈને તેમની માંગણીઓને લઈને દબાણ લાવવા પ્રયત્ન કરશે. ગુજરાતના વિતરકો પણ આક્રમક મુડમાં દેખાઈ રહ્યા છે. એલપીજી વિતરકોની હડતાળને લઈને સંબંધિત અધિકારીઓ હાલમાં કોઈ વાત કરવા માટે તૈયાર નથી પરંતુ બિનસત્તાવાર રીતે જાણવા મળ્યું છે કે, હડતાળ ન પડે તે માટેના પ્રયાસો પણ ચાલે છે.

આંબેડકર ઉદ્યાનના વૃક્ષોને માર્કીંગ કરવાનું કામ શરૂ

સ્વર્ણિમ પાર્કને નિખારવાની કામગીરી અન્વયે ઉદ્યાનમાં મોટા ભાગના વૃક્ષો યથાવત રખાશે

ગાંધીનગર, તા. ૨૨

સ્વર્ણિમ પાર્કને નિખારવા હાથ ધરાયેલ બીજા તબક્કાની કામગીરી અન્વયે આંબેડકર ઉદ્યાન દૂર કરવાનુ કામ શરૂ કરી દેવાયું છે ત્યારે ઉદ્યાનમાં સ્થિત હરિયાળા વૃક્ષોને જાળવી રાખવા તંત્ર દ્વારા સર્વે હાથ ધરી માર્કીંગની કામગીરી આરંભી દેવાઈ છે. નગરના અલ્પ વિસ્તારમાં આકાર લેતી સ્વર્ણિમ પાર્કની મહત્વકાંક્ષી યોજના અન્વયે ફેઈઝ-૨નું કામ શરૂ કરી દેવાયું છે.

આ કાર્યયોજના અન્વયે રૂ. ૩૯ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જ્યારે આ કાર્યયોજના અન્વયે ઘ-૪ થી ચ-૪ વચ્ચેના રૂટમાં એન્ટ્રન્સ પ્લાઝા, વોટરબોડી, પ્લાન્ટેશન સહીતના આકર્ષણો ઉભા કરવામાં આવનાર છે. હાલ આ કામગીરી અન્વયે રસ્તા તોડવાનું કામ શરૂ થયા બાદ વચાળે સ્થિત આંબેડકર ઉદ્યાન પણ દૂર કરવામાં આવી રહ્યો છે. જ્યારે ઉદ્યાનમાં વર્ષોથી સ્થિત હરિયાળા વૃક્ષોને બચાવવા તંત્ર દ્વારા સર્વે હાથ ધરાયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ મોટાભાગના વૃક્ષો કાપવામાં આવશે નહી. જ્યારે આ મામલે ડીઝાઈનને અનુલક્ષી વૃક્ષોને માર્કીંગ પણ કરવાનું કામ શરૂ કરી દેવાયું છે.

ચ-૭ નજીક અજાણ્યા વાહનની ટક્કરે રાહદારીનું કરૂણ મોત

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ચ-૭ નજીક ગત રોજ મોડી રાત્રે એક અજાણ્યા વાહનચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારતા એક અજાણ્યા રાહદારીને કચડી નાખતા તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતુ. આ અંગે સે. ૨૧ પોલીસે ગુનો નોંધી ફરાર અજાણ્યા વાહનના ચાલકની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર શહેરના ઘ-૭ સર્કલથી ચ-૭ તરફના માર્ગ પર ગત રોજ રાત્રીના સમયે અંદાજે ૧૦ કલાકે આશરે ૫૫ વર્ષીય અજાણ્યો પુરૂષ માર્ગ ઓળંગી રહ્યો હતો ત્યારે પાછળથી પુરપાટઝડપે દોડી આવતા અજાણ્યા વાહનના ચાલકે પોતાનું વાહન બેદરકારીપૂર્વક હંકારી અજાણ્યા પુરૂષને જોરદાર ટક્કર મારતા તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી અને ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. મૃતક આધેડ શરીરે પાતળા બાંધાનો છે અને શરીરે ઉપર ચિલેટીયા કલરનું સ્વેટર સફેદ કલરની લાઈનીંગ વાળા સફેદ શર્ટ અને કાળા કલરનું પેન્ટ પહેરેલું છે. આ મામલે સેકટર-૨૧ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી અજાણ્યા વાહનચાલક સહિત મૃતકના વાલી-વારસની શોધખોળ હાથ ધરી છે. જે અંગે પી.એસ.આઈ. બી.કે. અસારી તપાસ ચલાવી રહ્યા છે.

ગજ્જર સુથાર સમાજ ગુજરાતના ૭મો સમુહ લગ્નોત્સવ તથા વાર્ષિક સાધારણસભા શૈક્ષણિક ઈનામ વિતરણ સમારંભ ધર્મજ મુકામે યોજાયો હતો. દીપ પ્રાગટ્ય પ્રારંભ કરી રહેલા ચારૂમતીબેન પટેલ, ગિરીશભાઈ મિસ્ત્રી, યોગીનાભાઈ પટેલ, ઘનશ્યામભાઈ સુથાર, દિનેશભાઈ સુથાર, ડૉ. અંબુભાઈ ગજ્જર, ડૉ. અમિતભાઈ ગજ્જર, ઠાકોરભાઈ ગજ્જર, મ્યુ. કાઉન્સીલ ચંદ્રકાન્ત ગજ્જર, સુથાર સમાજ ગુજરાતના પ્રમુખ ઠાકોરભાઈ મિસ્ત્રી, સમાજના પ્રમુખ અરવિંદભાઈ સુથાર, સમાજકલ્યાણ અધિકારી વઢવાણા, નાયબ અધિકારીશ્રી જોષી ઉપસ્થિત રહ્યા હતા. ૧૭ નવદંપતિઓને લગ્ન નોંધણી પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. દંપતીઓને દાતાઓ દ્વારા ૪૦થી વધુ ભેટ મળેલ હતી. ટીનાબેન સુથાર, ચંદ્રકાન્ત મિસ્ત્રી, જીતુભાઈ સુવાવાળાએ સંચાલન કર્યું હતું.

કડીના પટેલ પરિવારને રૂપાલ નજીક અકસ્માત નડ્યો : ચારને ઈજાઓ

ગાંધીનગર, તા. ૨૨

કડીથી ગાંધીનગર નજીક પેથાપુર ગામે લગ્ન પ્રસંગે આવી રહેલ એક પટેલ પરિવારને ગાંધીનગર નજીક રૂપાલ ગામે અકસ્માત નડ્યો હતો. જેમાં કારમાં સવાર ચાર મુસાફરોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. આથી તમામ ઈજાગ્રસ્તોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં રહેતા એક પટેલ પરિવારના ચાર સભ્યો કડી પોતાના ઘરેથી મારૂતિ અલ્ટો કાર નં. જીજે-૨-એપી-૭૮૬૪ માં બેસી ગાંધીનગર નજીક પેથાપુર લગ્ન પ્રસંગે આવી રહ્યા હતા. આ દરમ્યાન રૂપાલ ગામ પાસે પહોંચતા કારમાં અચાનક ખામી સર્જાઈ હતી અને તમામ દરવાજા અને સ્ટેરીંગ લોક થઈ જતા ચાલક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ઝાડ જોડે અથડાઈ હતી. જેથી અકસ્માત સર્જાયો હતો. જેમાં વિષ્ણુભાઈ મફતલાલ પટેલ, કનુભાઈ ઉમેશભાઈ પટેલ, મીનાબેન કનુભાઈ પટેલ અને મનુભાઈ રણછોડભાઈ પટેલ તમામ (રહે. કડી-મહેસાણા)ને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તમામને ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

ગૌરક્ષકો ઢોરને પકડવાની કામગીરીમાં વિઘ્ન નાંખે છે

અમદાવાદ, તા. ૨૨

વિશ્વની સૌથી ઝડપથી વિકસતા ત્રીજા ક્રમના અમદાવાદ શહેરને ઢોરોના ત્રાસથી મુક્ત કરાવવા અર્થે એએમસીના ઢોર ત્રાસ અંકુશ વિભાગ દ્વારા અલગ અલગ સ્થળોએ કામગીરી હાથ ધરાઈ રહી છે પણ એએમસીની કામગીરીમાં ગૌરક્ષકો વિઘ્ન નાંખી રહ્યા હોવાની માહિતી સુત્રો દ્વારા મળી રહી છે. રસ્તા પર રખડતા ઢોરો અંગે કોઈ ફિકર ન કરતા ગૌરક્ષકો જ્યારે અ.મ્યુ.કોર્પો.ના કર્મચારીઓ રસ્તા પર રખડતા ઢોરોને પકડવા જાય છે ત્યારે ગૌરક્ષકો ઢોરોને બચાવવા રિતસર જંગે ચડી જાય છે.

વાત એમ છે કે અમદાવાદના અલગ અલગ વિસ્તારોમાં મોટી સંખ્યામાં રસ્તા પર રખડતા ઢોરોનો ખૂબ ત્રાસ છે. રસ્તા પર રખડતા ઢોરોના કારણે રોજ કેટલાય અકસ્માતો થાય છે. ઉપરાંત પહેલેથી ગીચ એવા વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા ઉદભવે છે. સાથે-સાથે ઢોરોની ગંદકીથી રોગચાળો પણ વકરે છે. ઢોરોનો ત્રાસ ઓછો કરવા અને શહેર સુવ્યવસ્થિત બનાવવા અર્થે અમ્યુકોર્પો.ના ઢોર ત્રાસ અંકુશ વિભાગ દ્વારા સક્રિય કામગીરી બજાવવામાં આવી રહી છે, પણ રસ્તાની વચ્ચે રખડતા ઢોરોની મદદગારી અર્થે ગૌરક્ષકો અમ્યુકોર્પોની કામગીરીમાં વિઘ્ન પાડી રહ્યા છે. ઢોર ત્રાસ અંકુશ વિભાગના કર્મચારીઓ જ્યારે જે તે વિસ્તારમાં રસ્તા પર રખડતા ઢોરોને પકડવા જાય ત્યારે ગૌરક્ષકો કર્મચારીઓ સાથે જંગે ચઢી જાય છે. ઉપરાંત રસ્તા પર રખડતા ઢોરોને ભગાડી મુકે છે તેથી અમ્યુકોર્પોના કર્મચારીઓને કામગીરી કરવામાં મુશ્કેલી પડે છે. ઉપરાંત રખડતા ઢોરો પણ હાથમાં આવતા ન હોવાથી શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ ઓછો થતો નથી.

ગૌરક્ષકો જ્યારે પણ રખડતા ઢોરને પકડવા અમ્યુકોર્પો કર્મચારીઓ આવે ત્યારે કંડા લઈ બાઈક-જીપ, સ્કુટર લઈ ઢોરોને ભગાડવા-સંતાડવા રસ્તા પર ઉમટી પડે છે. ગૌરક્ષકો રખડતા ઢોરોને બચાવવા પલટન લઈ નિકળતા હોવાથી અમ્યુકોર્પોના કર્મચારીઓને ઢોરને પકડ્યા વગર જ પાછા ફરવું પડે છે. છેલ્લા ઘણાં સમયથી અમ્યુકોર્પો દ્વારા ઢોર પકડવાની ફોરમેટમાં કોઈ પરીવર્તન ન કરાયું હોવાથી રખડતા ઢોરોનો ત્રાસ ઓછો થતો નથી. જાણકારોની માહિતી અનુસાર જો ઢોર પકડવા માટે ગૌરક્ષકો વિઘ્ન નાંખતા હોય તો અમ્યુકોર્પો સત્તાધીશોએ જે તે વિસ્તારના રખડતા ઢોરોને પકડવા અર્થે વિસ્તારને કોર્ડન કરી કામગીરી કરવી જોઈએ ઉપરાંત ઢોર પકડવાની કામગીરીમાં વિઘ્ન નાંખતા ગૌરક્ષકો સામે કાર્યવાહી કરવી જોઈએ તેથી શહેરમાંથી રખડતા ઢોરોનો ત્રાસ ઓછો થાય.

ગૌરક્ષકો શહેરમાં રખડતા ઢોરને પકડવાની કામગીરીમાં વિઘ્ન નાંખે છે પણ ગૌરક્ષકો શહેરમાં રખડતા ઢોર દ્વારા તથી ટ્રાફીક, ગંદકી અને ગીચતાની સમસ્યા અર્થે વિચારતા નથી ઉપરાંત શહેરમાં રખડતા ઢોરની ચિંતા પણ કરતા નથી ઢોર રોજ કેટલી ગંદી ચીજવસ્તુઓ આરોગે છે તેની ફિકર ગૌરક્ષકોને નથી. પણ અમ્યુકોર્પો કર્મચારીઓ જ્યારે રખડતા ઢોરને પકડવા આવે ત્યારે ગૌરક્ષકો અમ્યુકોર્પોની કામગીરીમાં વિઘ્ન નાંખે છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૭
સૂર્યાસ્ત : ૬.૩૯

તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૨૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુંડે: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
રોબોકોપ (હિન્દી) : ૯.૦૦, ૨.૩૦, ૧૧.૦૦
ગુંડે : ૧૧.૩૦, ૫.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૪ :
હસી તો ફસી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
રોબોકોપ (હિન્દી) : ૭.૦૦

આર વર્ડ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હસીના માન જાયેગી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જય હો : ૬.૪૫
: સ્ક્રીન-૩ :
ગુંડે : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હાઈવે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુંડે : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
ડર ધી મોલ : ૧.૧૫, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
ડર ધી મેલ : ૧૦.૦૦, ૭.૧૫
ગુંડે : ૧.૦૦, ૭.૦૦
સેટરડે નાઈટ : ૪.૦૦

વિરાગ સિનેમા(કલોલ)

ગુંડે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સાંસ્કૃતિક

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને સહયોગી સંસ્થાઓના સહકારથી ગાંધીનગરની શ્રેષ્ઠ શાળા-મહાશાળાઓની સર્વશ્રેષ્ઠ નૃત્ય કૃતિઓની પ્રસ્તુતિ કરતો કાર્યક્રમ રાત્રે ૮.૦૦ કલાકે, કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે યોજાશે.

આપની આજ

મેષ : લેખન માટે સારો દિવસ છે તેની એ સંબંધિત કાર્યો થાય. બૌદ્ધિક અને તાર્કિક વિચાર વિનિમય થાય. મહિલાઓને કોઈ સાથે વાદવિવાદમાં ન ઉતરવું.

વૃષભ : માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે.

મિથુન : આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે.ધાર્મિક કાર્યો થશે.

કર્ક : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

સિંહ : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

કન્યા : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

તુલા : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

વૃશ્ચિક : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

ધન : વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્યપૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

મકર : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

કુંભ : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

મીન : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

ચિરવિદાય

- સ્વ. મેનાબેન કરશનભાઈ દેસાઈ (ઉ.વ. ૭૫) મુ.પો. હાલીસા, તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. ભાવીનભાઈ ભાઈલાલભાઈ પટેલ (ઉ.વ. ૨૫) સમાજવાડી સામે, મુ.પો. ધમાસણા, તા. કલોલ, જિ. ગાંધીનગર.